# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-04-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## CEO Gujarat

રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતી દ્વારા લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે મતદારોને સહપરિવાર આમંત્રણ પાઠવતી પત્રિકા મોકલવામાં આવશે.

રાજ્યના 13 હજાર કરતાં વધુ મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં પુરૂષો અને મહિલાઓના મતદાનની ટકાવારીનો તફાવત 10 ટકા કરતાં વધુ હોય તેવા અને કુલ મતદાન 50 ટકા કરતાં ઓછું હોય તેવા લગભગ 13 હજાર મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે. આ મતદાન મથકો પર મતદાનનું પ્રમાણ વધે તે માટે ગ્રામ્ય કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીઓ અને શહેર કક્ષાએ નાયબ મ્યુનિસિપલ કમિશનર્સની, ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP)ના નોડલ ઑફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

રાજ્યના આવા ઓળખ કરાયેલા લગભગ 13 હજાર મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે રાજ્યભરમાં સપરિવાર મતદાન કરવા અનુરોધ કરતી કુલ 20 લાખ કરતાં વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે. આ આમંત્રણ પત્રિકા થકી મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતી દ્વારા મહિલા મતદારોને દૈનિક કામગીરીની વ્યસ્તતામાંથી થોડો સમય કાઢી સહપરિવાર મતદાન કરવા તથા અન્યોને પણ મતદાન માટે પ્રેરણા આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## MODI SABHA

લોકસભાની ચુંટણીને લઈને સમગ્ર ગુજરાત રાજ્યમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તમામ પક્ષોએ મોટાભાગના તેમના ઉમેદવારના નામ જાહેર કરી દીધા છે. તો રાજકીય વાતાવરણ પણ ગરમાયું છે તેની વચ્ચે પક્ષોએ જનસંપર્ક અભિયાન શરૂ કર્યા છે સભા યોજી રહ્યા છે ત્યારે રાજ્યભરમાં આજથી ભાજપ દ્વારા મોદી પરિવાર

સભાની શરૂઆત થશે. રાજ્યમાં દર 3 શક્તિકેન્દ્ર દીઠ 16 એપ્રિલ સુધી આ સભા યોજવામાં આવશે.

## CM BANASKANTHA

લોકસભા ચૂંટણીમાં પ્રચારને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠા જિલ્લામાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે .તેઓ સૌપ્રથમ થરાદમાં વિશાળ જાહેરસભાને સંબોધન કરશે. ત્યાર બાદ તેઓ ધાનેરામાં બૃહદ બેઠકમાં ઉપસ્થિત રહેશે અને ત્યાર બાદ બનાસકાંઠા જિલ્લાના સામાજિક અગ્રણીઓ સાથે સંવાદ કરશે.

## Police Recruitment Board

ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું છે કે, છેલ્લા ચાર દિવસમાં પોલીસ ભરતી માટે 1 લાખ 55 હજાર ઉમેદવારોએ અરજી કરી છે. જેમાંથી 1 લાખ 18 હજાર અરજીઓ મંજૂર થઇ છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, લોકરક્ષક અને પીએસઆઇમાં 10 લાખ અરજી થવાની સંભાવના છે.

(બાઇટ-હસમુખ પટેલ)

## Narmada Parikrama

ચૈત્ર માસના પ્રારંભની અમાસથી ચૈત્ર માસ સુધી 30 દિવસસુધી ચાલનારી નર્મદા પંચાકોષી પરિક્રમામાં દરવર્ષે લાખો શ્રદ્ધાળુઓ પગપાળા ચાલતા પરિક્રમા કરવા આવે છે.

અમારા નર્મદા જીલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પુરતી કાળજી સાથે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નર્મદા પરિક્રમાનો રૂટ પણ યથાવત રહેશે. પરિક્રમા શરૂ થવાના પૂર્વે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયા દ્વારા

સ્થળ પર જઈ રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ ખાતે નાવડીઓની કરાયેલી સુવિધાઓ, શ્રદ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષાની વ્યવસ્થા કરાઈ છે.

## Mehsana- EVM

મહેસાણા જિલ્લા માં લોકસભાની ને ચૂંટણી ને લઈ ચૂંટણી વિભાગ દ્વારા મતદાનના દિવસે કોઈપણ બુથ ઉપર મતદાન માં સમસ્યા ન સર્જાય અને વધુમાં વધુ મતદાન થાય તે માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે જિલ્લા ની સાત વિધાનસભા માટે પ્રથમ રેન્ડમાઇઝેશન દ્વારા 2753 ઇવીએમ અને 2433 વિવિપેટ ની ફાળવણી શરૂ કરાઇ છે. જે એ આર ઓ દ્વારા સ્ટ્રોંગરૂમ માં રાજકીય પક્ષો ના પ્રતિનિધિ ઓ ની હાજરી માં નિયત પ્રોટોકોલ મુજબ ઇવીએમ રાખવા આવશે.જેનો સુરક્ષિત સંગ્રહ માટે પોલીસ ચુસ્ત બંદોબસ્ત તથા સીસીટીવી કેમેરા સાથે સ્ટ્રોંગરૂમ ઉભો કરાયો છે.

## MATDAN JAGRUTI

આગામી લોકસભાની ચુંટણીને લઈને તંત્ર દ્વારા મતદાન જાગૃતિ ઝુંબેશ ચલાવાઈ રહી છે, ત્યારે બોટાદ જિલ્લાના વિવિધ વિસ્તારમાં મતદાન જાગૃતિને લગતા બેનર્સ અને પોસ્ટર લગાવવામાં આવ્યા છે.

તો બીજી તરફ મહેસાણામાં સ્વીપ કામગીરી અંતર્ગત બેચરાજી તાલુકાની શાળામાં મતદાન જાગૃતિ અંગે રંગોળી સ્પર્ધા યોજાઇ હતી.

## Chaitra Navratri

ચૈત્ર નવરાત્રીનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. જે અંતર્ગત પાવાગઢ શક્તિપીઠ ખાતે ભક્તોને સરળતાથી દર્શન થઈ શકે તે માટે યાત્રાળુઓને આવવા- જવા માટે વન વે પથ તૈયાર કરાયો છે. તળેટીથી માચી સુધી ખાનગી વાહનો લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નવેનવ દિવસ પાવાગઢ

શક્તદિપીઠ ખાતે માતાજીના ચંડીપાઠ સાથે રોજ નિતનવા શણગારો થશે. આ સાથે 45 ટન સુખડિનો પ્રસાદ પણ બનાવવામાં આવશે. અને એ પ્રસાદ ભક્તોને આપવામાં આવશે.